Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: **<u>પરિપત્ર</u>** :-

યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તથા ડિપાર્ટમેન્ટનાં વડાશ્રીઓ તથા યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમનાં કો–ઓર્ડિનેટરશ્રીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર મલ્ટીડીસીપ્લીનરી સર્ટીફીકેટ કોર્ષીસ, AEC /SEC /VAC ની કેટેગરીનાં કોર્ષીસ અંગે એકેડેમિક કાઉન્સિલના નીચે મુજબના ઠરાવનો અમલ કરવા આથી જાણ કરવામાં આવે છે.

**એકેડેમિક કાઉન્સિલ તા.૨૩/૦૬/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૧૧૫**

:: આથી ઠરાવવામાં આવે છે કે, NEP-2020 મુજબ નવો અભ્યાસક્રમ લાગુ પડતો હોય તેવી તમામ વિદ્યાશાખાઓમાં SEC , VAC, તથા AEC કોર્ષીસ માટે જે તે કોલેજોએ વર્કલોડ બાબતે પોતાની કોલેજનાં કાયમી અધ્યાપકો દ્વારા અથવા વિઝીટીંગ ફેકલ્ટી/ રીસોર્સ પર્સનની વ્યવસ્થા કરી કાર્યભારની વહેંચણી કરી શકશે.

**એકેડેમિક કાઉન્સિલ તા.૨૩/૦૬/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૧૧૬**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી માન્ય તમામ પ્રકારના સર્ટીફીકેટ કોર્સ (ઈન્કલુડીંગ VAC/ SEC/AEC) / ડીપ્લોમા કોર્સ /એડવાન્સ ડિપ્લોમા કોર્સની મંજૂરી ઓર્ડીનન્સ –૧૮૮ મુજબ મળેલ હોય એવા તમામ સર્ટીફીકેટ કોર્સ/ ડીપ્લોમા કોર્સ /એડવાન્સ ડિપ્લોમા કોર્સની ફી કોલેજ/વિભાગ/સંસ્થા દ્વારા ઓર્ડીનન્સ –૧૮૮ માં દર્શાવ્યા મુજબની ફી ની મર્યાદામાં વધારી/ ઘટાડી શકાશે. તથા આ બાબતની જાણ યુનિવર્સિટીને કરવાની રહેશે. સદર બાબતે યુનિવર્સિટી દ્વારા નોંધ લેવાની રહેશે.

**એકેડેમિક કાઉન્સિલ તા.૧૭/૦૭/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૮**

:: આથી ઠરાવવામાં આવે છે કે, રાજય સરકારના તા.૧૧/૦૭/૨૦૨૩ ના જી.આર. ક્રમાંક:KCG/admin/2023-24/0607/kh.1 અનુસાર (SEC) કોર્સ ૨ ક્રેડીટના કરવાનાં થતા હોય અગાઉ તમામ મંજુર થયેલ (SEC) કોર્સ ૨ ક્રેડીટઅને ૩૦ કલાકના કરવાના રહેશે તથા ઈન્ટેક/બેચ સાઈઝ અને કોર્સ ફી ઓર્ડિનન્સ–188 અનુસાર રાખવાની રહેશે.

ક્રમાંક : એસ./પરિપત્ર/૧૯૧૫૦/૨૦૨૩
તા.૨૬–૦૭–૨૦૨૩

કુલસચિવ

પ્રતિ,
૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ,ડિપાર્ટમેન્ટના વડાશ્રીઓ તથા યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમનાં કો–ઓર્ડિનેટરશ્રીઓ.

......આપશ્રીની કોલેજના સંબંધિત શિક્ષકોને જાણ કરી અમલ કરવા સારૂ.